# TECHNOLOGIES DEVELOPED

| Sr. No | Title | Year of Recommendation / Agresco & Budget head |
|---|---|---|
| | **MANGO** | |
| 1. | **Varieties released (B.H. 5014)**<br>1) Neelphonso (Neelum X Alphonso)<br>2) Neeleshwari (Neelum X Dashheri)<br>3) Neeleshan Gujarat (Neelum X Baneshan)<br><br>**બહાર પાડેલ આંબાની હાઈબ્રીડ જાતો:**<br>૧. નિલફાન્સો : નિલમ × આફુસ<br>૨. નિલેશાન – ગુજરાત : નિલમ× બનેશાન<br>૩. નિલેશ્વરી : નિલમ × દશેરી | 1986 |
| 2. | **Variety released (Hybridization work in mango).**<br>Gujarat Mango Hybrid – 1 (GMH- 1) (Alphonso X Baneshan stock-3.)<br>ગુજરાત મેંગો હાઈબ્રીડ –૧ (સોનપરી : આફુસ × બનેશાન (સ્ટોક–૩) | B.H. 5014<br>2000 |
| 3. | **Varieties endorsed**<br>**Title:** Collection, Maintenance and evaluation of mango germplasm.<br><br>The farmers of South Gujarat are advised to grow vashi badami, Totapuri and Kesar varieties of mango for higher and regular yield as well as good economic return from their orchards under rain fed condition.<br><br><u>ભલામણ:</u><br>**આંબાની વિવિધ જાતો માંથી નિયમિત અને વધુ આર્થિક પોષણક્ષમ ઉત્પાદન માટે ભલામણ કરેલ જાતો ૧.કેસર,૨. વશીવદામી, ૩. તોતાપુરી** | B.H. 5014 |
| 4. | **Title:** Breeding technique- To study the cause of fruit set at the tip of the panicle in certain cultivars of Mango.<br><br>**<u>Recommendation:</u>**<br>The hermaphrodite flowers in Kesar, Dashheri, Rajapuri and Neelum retained at the tip of the panicle and the hermaphrodite flowers in Alphonso retained at the three-forth of the panicle should be utilized in the crossing programme so as to achieve more success.<br><br><u>ભલામણ:</u><br>**કેસર, દશેરી, રાજાપુરી અને નીલમમાં ઉભયલિંગી ફુલો મોરની ટોંચ પર અને આફુસમાં મોરના ૩/ ૪ ભાગમાં આવેલા હો ય છે. સંકરણ માટે આ ફુલો નો ઉપયોગ કરવાથી વધુ સફળતા મળે છે.** | B.H. 2014-5<br>1993 |
| 5. | **Title:** To study the effect of various plant growth regulator and other chemicals on flowering and fruit set in mango cv. Alphonso.<br><br>**<u>Recommendation:</u>**<br>Under rain fed condition for the induction of early and regular flowering in Alphonso of 25-30 years age group, one application of paclobutrazol (Cultar) at the rate of 2.5 gm a.i. per tree during August end to 15th September is recommended for the farmers of south Gujarat. The chemical is dissolved in 15 lit. of water and poured near the tree trunk.<br><br><u>ભલામણ:</u><br>**આંબા હાફુસનાં ૨૫–૩૦ વર્ષનાં ઝાડની વાડીઓ કે જે વરસાદના પાણી આધારિત છે. તેમાં વહેલું અને નિયમિત ફુલ લાવવા માટે પેકલોબ્યુટ્રાઝોલ ૨.૫ ગ્રામ સક્રિય તત્વ/ઝાડ ૫ લીટર પાણી ભેળવી ઓગસ્ટ માસનાં અંતથી ૧૫ મી** | (B.H. 9091-2)<br>1994 |

<table>
<tr><td></td><td>સપ્ટેમ્બર સુધીમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.</td><td></td></tr>
<tr><td>6.</td><td>Title: Performance and study of drip irrigation method in mango cv. Alphonso.<br><br><u>Recommendation:</u><br>The mango growers of south Gujarat heavy rainfall zone are advised to adopt drip irrigation system for their new mango plantation for water saving (12-31 %) and better growth of the tree and earliness in fruiting. The system should be laid out with two drippers spaced at 50 cm. From the tree during first two years, and 4 drippers at 1 m distance from the trunk after two years until five years.<br><br><u>ભલામણ:</u><br>આંબાનાં નવા વાવેતર માટે દક્ષિણ ગુજરાતના ખેડુતોને ટપક પિયત પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. જેનાંથી ૧૨–૩૧ % પાણીનો બચાવ થાય છે. તેમજ વાડી ઉત્પાદન આપતી વહેલી થાય છે.ટપક પધ્ધતિમાં પ્રથમ બે વર્ષ માટે ઝાડના થડથી ૫૦ સેમીના અંતરે બે ટપકણીયા તથા ત્યાર બાદ પાંચ વર્ષ સુધી થડ થી ૧ મીટરના અંતરે ચાર ટપકણીયા રાખવાની ભલામણ કરવામાં આવે છે.</td><td>B.H. 7027</td></tr>
<tr><td>7.</td><td>Title: Effect of paclobutrazol (cultar) on heading backed grown-up fruiting trees of mango cv. Alphonso.<br><br><u>Recommendation:</u><br>For obtaining best yield from 35-40 years old orchards of Alphonso mango, in which branches are intermingled with one another trees and due to poor sunlight penetration, production of flowers and fruits are very much reduce in south Gujarat agro climatic zone; Farmers are advised to rejuvenate their old orchards by heading back the trees by keeping the height and diameters up to 5-6 meters and soil application of Paclobutrazol @ 7.5 gm a.i./ 10 litres of water per tree every year in the month of August from second year of heading back.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતના ખેડુતોને તેમની આંબા આફુસ જુની(૩૫–૪૦ વર્ષ) વાડીઓ કે જેમા ઝાડની ડાળીઓ એકબીજાને અડીને જવાથી પુરતા સુર્યપ્રકાશના અભાવે ફુલ તેમન ફળ બેસવાનું ઓછું થયેલ છે. તેવી વાડીઓમાં સારૂ ઉત્પાદન મેળવવા ખેડુતોને તેમના જુના ઝાડને ૫–૬ મીટર ઉંચાઈ તથા ઘેરાવાથી કાપી નાંખી બીજા વર્ષથી વૃધ્ધિ નિયંત્રણ પેકલોબ્યુટ્રાઝોલ ૭.૫ ગ્રામ સ.ત. /ઝાડ ૧૦ લીટર પાણીમાં ભેળવી ઓગસ્ટ માસમાં જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.</td><td>(B. H. 10091-2) 2003</td></tr>
<tr><td>8.</td><td>Title: To Study the effect of high density plantation through hedge row system on yield of mango cv. Kesar.<br><br><u>Recommendation:</u><br>The Farmers of South Gujarat heavy rainfall zone-I, situation -II growing mango cv. Kesar and wants to go for high density plantation, they are advise to go for 10 m x 5 m plantation because at this spacing per unit area highest fruit yield as well as highest net profit is observed.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતનાં ભારે વરસાદીય વિસ્તાર –૧,પરિસ્થિતિ–૨ ના ખેડુતો કે જેવો ઘનિષ્ઠ પધ્ધતિથી આંબા કેસરની રોપણી કરવા માંગતા હોય તેમને ૧૦ મી × ૫ મી નાં અંતરે રોપણી કરવાની સલાહ આપવામાં આવે છે.કારણકે આ અંતરે એકમ વિસ્તારમાં ફળ નું ઉત્પાદન અને નફો વધુ જોવા મળેલ છે.</td><td>[B. H. 9091-2 (NARP)] 2004</td></tr>
<tr><td>9.</td><td>Title: Pitcher irrigation in young mango plantation.<br><br><u>Recommendation:</u><br>The farmers of AES-II of South Gujarat heavy rainfall zone are advised to adopt pitcher method of irrigation in newly planted orchard. They are recommended to place one pitcher of ten liters capacity or two pitchers of seven liters capacities, below ground surface, adjacent to plant, till first four years of age. One pitcher of ten liters capacity or two pitchers of seven liters capacity when filled weekly would result in 50% and 30% for water saving respectively, as compared to ring method of irrigation.<br><br><u>ભલામણ:</u></td><td>(B.H. 10027) passed in 3rd combined meeting of Agril. Engineering sub-committee held at Anand on</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારના ખેડૂતોને નવી આંબાવાડીઓમાં પીચર (કાણા વાળા માટલા) દ્વારા પીયત આપવાની પદ્ધતિ અપનાવવા સલાહ આપવામાં આવે છે. તેઓને ભલામણ કરવામાં આવે છે કે શરૂઆતના ચાર વર્ષ સુધી ઝાડની બાજુમાં જમીનને સમતળ રહે તે રીતે ૧૦ લીટરના માપનું એક અથવા ૭ લીટરના માપના બે પીચર ગોઠવવા. આ પીચર દ્વારા જયારે અઠવાડીયે એક વાર પાણી આપતા રીંગ પધ્ધતિ કરતાં અનુક્રમે ૫૦% અને ૩૦% પાણીનો બચાવ થાય છે. | 12-13th April, 2007<br>2007 |
| 10. | **Title:** Performance of released mango hybrids:<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of south Gujarat heavy rainfall zone-I AES-II are advised to include regular bearer mango hybrids Amrapali and Mallika in their new orchards to get higher net return after Kesar and Alphonso.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર ખેત આબોહવાકીય પરિસ્થિતિ-૨ ના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કેસર અને હાફુસ પછી ચોખ્ખી આવક મેળવવા માટે તેમની નવી વાડીમાં આંબાની નિયમિત ફળતી સંકર જાતો આમ્રપાલી અને મલ્લિકાનો સમાવેશ કરવો. | 2009<br>(AICRP-Fruits, BH:2014-5) |
| 11. | **Title:** Testing of promising mango hybrids<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of south Gujarat heavy rainfall zone-I AES-II are advised to include regular bearer mango hybrids Sonpari and Neelphonso in their new mango orchards to get higher net return after Kesar and Alphonso.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કેસર અને હાફુસ પછી વધુ ચોખ્ખી આવક મેળવવા માટે તેમની નવી વાડીમાં આંબાની નિયમિત ફળતી સંકર જાતો સોનપરી અને નીલ્ફોન્સોનો સમાવેશ કરવો. | 2009 |
| 12. | **Title:** Effect of pruning on bearing trees of mango cv. Kesar planted at normal distance<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of Gujarat growing mango cv. Kesar planted at normal distance *i.e.* 10 x 10 m are advise to carry out pruning of overcrowded branchlets and centre opening immediately after fruit harvest once in a four year for receiving higher production and number of fruits without affecting fruit quality.<br><br><u>ભલામણ:</u><br>ગુજરાતના આંબા કેસર જાતનું ૧૦ × ૧૦ મીટરના અંતરે વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ફળ ઉતાર્યા બાદ તુરત જ વચ્ચેની મુખ્ય ડાળી તેમજ ગીચ ડાળીઓની છટણી દર ચોથા વર્ષે કરવાથી ફળોની ગુણવત્તાને કોઈ અસર થયા વગર વધુ ફળો તથા ઉત્પાદન સારું મળે છે. | 2011<br>(AICRP-Fruits, BH:2014-5) |
| 13. | **Title:** Effect of pruning on mango cv. Kesar grown under high density planting<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of Gujarat, growing mango cv. Kesar under high density plantation (5x5 m) are advise to carry out pruning 10 cm or 20 cm heading back of terminal shoot immediately after fruit harvest at alternate year for receiving higher production and number of fruits without affecting fruit quality.<br><br><u>ભલામણ:</u><br>ગુજરાતના આંબા કેસર જાતની ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિથી ૫ × ૫ મીટરના અંતરે ખેતી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ફળ ઉતાર્યા બાદ તુરત જ ૧૦ અથવા ૨૦ સે.મી. ડાળીઓને છટણી એકાંતરે વર્ષ કરવાથી ફળોની ગુણવત્તાને કોઈ અસર થયા વગર વધુ ફળો તથા ઉત્પાદન મળે છે. | 2011<br>(AICRP-Fruits, BH:2014-5) |
| 14. | **Title:** Performance study of drip irrigation method in mango cv. Alphonso. | (B.H.-7027) |

| | | |
|---|---|---|
| | **Recommendation:**<br>The farmers of ARS-II of south Gujarat heavy rainfall zone growing mango cv. Alphanso having water scarcity during rubi and summer season are advised to adopt drip method of irrigation for more than ten years old trees to save 30% of irrigation water (0.2 PEF). The system should have 8 numbers of drippers of 8 LPH capacity spread around at 1 meter distance from the tree trunk. The system should be operated at 1.2 kg/cm$^2$ pressure on alternate day for 40 minutes and 60 minutes during winter during summer respectively.<br><br>ભલામણ:<br>**દક્ષિણ ગુજરાતના ભારે વરસાદી વિસ્તારના (ખેતી આબોહવા પરિસ્થિતી ૨) હાફુસની ખેતી કરતા ખેડુતો શિયાળા તેમજ ઉનાળામાં પાણીની અછત દરમ્યાન દસ વર્ષ કરતાં જુના ઝાડમાં ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવવાથી ૩૦ ટકા પાણીનો બચાવ થાય છે (૦.૨ પી.ઈ.એફ.). આ પધ્ધતિમાં ૮ લીટર ક્ષમતા વાળા ટપકણીયા ઝાડના થડથી ૧ મીટરના અંતરે લગાવવા. આ રીતમાં ૧.૨ કીગ્રા/સેમી$^2$ ના દબાણે એકાંતરે શિયાળામાં ૪૦ મીનીટ તથા ઉનાળામાં ૮૦ મીનીટ સુધી ટપક પધ્ધતિ ચલાવવી.** | 2011 |
| 15. | **Title:** Pre-harvest treatment for extending the post-harvest life of mango cv. Kesar<br><br>**Recommendation:**<br>The farmers of Gujarat growing mango cv. Kesar are advised to apply mulching with 100 micron black polyethylene plastic during October – November for obtaining higher yield and economic return.<br><br>ભલામણ:<br>ગુજરાતમાં આંબાની કેસર જાતનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઓકટોબર - નવેમ્બર માસમાં ઝાડના થડની ૧.૫ મીટર અંતર સુધી ૧૦૦ માઈક્રોન જાડાઈના કાળા રંગના પોલીથીલીન પ્લાસ્ટીકનું આવરણ કરવાથી સારી ગુણવત્તા અને ટકાઉશકિત ધરાવતા ફળોનું વધુ ઉત્પાદન સાથે વધુ નફો મળે છે. | 2012 (AICRP-Fruits, BH:2014-5) |
| 16. | **Title:** Effect of calcium, boron and sorbitol on pollination and fruit set in mango<br><br>**Recommendation:**<br>The farmers of Gujarat growing mango cv. Kesar are advised to spray 0.02% boric acid at 50% flowering stage for obtaining higher yield and economic return.<br><br>ભલામણ:<br>ગુજરાતમાં આંબાની કેસર જાતનું વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ૫૦ % ફુલધારણની અવસ્થાએ ૧૦ લિટર પાણીમાં ૧૨ ગ્રામ બોરીક એસીડ એકલું અથવા ૩૬ ગ્રામ કેલ્શિયમ નાઈટ્રેટ સાથે મિશ્ર કરી છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન સાથે વધુ નફો મળે છે. | 2012 (AICRP-Fruits, BH:2014-5) |
| 17. | **Title:** Pruning for rejuvenation of overcrowded orchards cv. Alphonso<br><br>**Recommendation:**<br>The farmers of Gujarat growing mango cv. Alphonso and have overcrowded orchard are advised to thinning up to the crowded branches and centre opening for obtaining higher number of fruits and yield with higher economic returns.<br><br>ભલામણ:<br>ગીચ થઇ ગયેલ આફુસ જાતની આંબાવાડી ધરાવતા ગુજરાતના ખેડૂતોને ફળની વધુ સંખ્યા, ઉત્પાદન સાથે વધુ આર્થિક નફો મેળવવા ભલામણ કરવામાં આવે છે કે ઝાડના મધ્ય ભાગની ટોચની મુખ્ય ડાળી દૂર કરવી તેમજ ડાળીઓ ગીચ થઇ ગયેલ હોય ત્યાં સુધી છટણી કરવી. | 2014 |
| 18. | **Title:** Effect of different chemicals on regulation of flowering and fruiting in mango cv. Kesar<br><br>**Recommendation:**<br>The farmers of Gujarat growing mango cv. Kesar are advised to spray 1% $KH_2PO_4$ alone or with 1% $KNO_3$ during last week of October to first week of November for | 2014 (AICRP-Fruits, BH:2014-5) |

| | | |
|---|---|---|
| | obtaining regular higher yield and economic return.<br><br><u>ભલામણ:</u><br>ગુજરાતમાં આંબાની કેસર જાતમાં વધુ ઉત્પાદન અને વધુ આર્થિક વળતર મેળવવા ૧% પોટેશ્યમ ડાયહાઇડ્રોજન ફોસ્ફેટ ($KH_2PO_4$) એકલું અથવા ૧% પોટેશ્યમ નાઈટ્રેટ ($KNO_3$) સાથે ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયાથી નવેમ્બરના પહેલા અઠવાડિયા દરમ્યાન (નવી પીલવણીના ૪૫ દિવસ બાદ) છંટકાવ કરવાની ભલામણ છે. | |
| 19. | **Title:** Varietal trial<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of South Gujarat growing mango are advised to grow varieties Alphonso, Sonpari, Kesar and Banglora for getting higher production with good economic return. However, Mulgoa, Mankurad, Fernandin, Bombay Green and Kishen Bhog are not economic under South Gujarat condition. Varieties Alphonso and Sonpari gave higher TSS.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, આંબાવાડીયામાં વધુ ઉત્પાદન સાથે આવક મેળવવા આફુસ, સોનપરી, કેસર અને બેંગ્લોરા જાતનું વાવેતર કરવું. જ્યારે મલગોવા, માન્કુરાડ, ફર્નાન્દીન, બોમ્બે ગ્રીન અને કિશનભોગ દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં નફાકારક નથી. આફુસ અને સોનપરી જાતોમાં કુલ દ્રાવ્ય ક્ષારનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. | 2015 (AICRP-Fruits, BH:2014-5) |
| 20. | **Title:** Rootstock trial of mango<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of Gujarat growing mango are advised to use rootstock Kensington and Vellaikolamban for normal plantation and Nekkare for high density plantation to obtain higher yield with maximum return.<br><br><u>ભલામણ:</u><br>ગુજરાતમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે સામાન્ય વાવેતર પધ્ધતિ માટે કેન્સીન્ગટન અને વેલ્લાઈકોલંબન જાતના મૂળકાંડ તેમજ ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ માટે નેક્કારે જાતના મૂળકાંડ ઉપયોગ કરવાથી વધુ ઉત્પાદન તેમજ મહત્તમ નફો મેળવી શકાય છે. | 2019 (AICRP-Fruits, BH:2014-5) |
| 21. | **Title:** Effect of paclobutrazol application before monsoon and efficacy of bud breakers on early season flowering and fruiting in mango<br><br>**<u>Recommendation:</u>**<br>The farmers of South Gujarat having adult trees of Alphonso mangoes are recommended to apply paclobutrazol (25 % v/v; ml) in soil, four times of canopy radius (m), during second week of May followed by foliar spray of 0.5% Thiourea (50 g/10 lit. of water) after 120 days of paclobutrazol application or apply paclobutrazol during last week of April followed by foliar spray of 0.25% commercial grade Potassium Nitrate (25 g/10 lit. of water)after 120 days of paclobutrazol application in addition to recommended dose of fertilizers for obtaining early flowering and higher fruit yield with improved fruit quality along with higher net realization.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતમાં પુખ્તવયના હાફુસ આંબાના ઝાડ ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઝાડને ઘટાની ત્રિજ્યા (મી.) નું ચાર ગણું પેક્લોબ્યુટ્રાઝોલ (૨૫% વી.વી.; મી.લી.) જમીનમાં મે માસના બીજા અઠવાડિયામાં આપ્યાબાદ ૧૨૦ દિવસ પછી ૦.૫% થાયોયુરિયા (૫૦ ગ્રામ/૧૦ લી. પાણી) નો છંટકાવ કરવો અથવા એપ્રિલના છેલ્લા અઠવાડીયામાં પેક્લોબ્યુટ્રાઝોલ આપ્યાબાદ ૧૨૦ દિવસ પછી ૦.૨૫% મુજબ વ્યાવસાયીક કક્ષાના પોટેશ્યમ નાઇટ્રેટ (૨૫ ગ્રામ/૧૦ લી. પાણી) નો છંટકાવ | (B.H. 5014) 2022 |

<table>
<tr><td></td><td>ભલામણ કરેલ ખાતરના જથ્થા ઉપરાંત કરવાથી મોર વહેલો આવવા સાથે ફળોનું ગુણવત્તાસભર વધુ ઉત્પાદન તેમજ વધારે ચોખ્ખી આવક મેળવી શકાય છે.</td><td></td></tr>
<tr><td>22.</td><td>

**Title:** Effect of micronutrients on yield and quality of mango

**<u>Recommendation:</u>**

Farmers of South Gujarat Heavy Rainfall Zone-I growing mango cv. Kesar are recommended to apply 100 g zinc sulphate, 50 g copper sulphate and 50 g borax (soil application in basin after harvest) along with foliar spray of 0.2% zinc sulphate, 0.1% copper sulphate and 0.1% boric acid (2 sprays at just before flowering and marble stage) to adult trees in addition to the recommended dose of fertilizers (RDF) for obtaining higher yield and economic return.

<table>
<tr><td>750:160:750 NPK g/tree (adult trees)</td><td>In basin after harvest</td></tr>
<tr><td>100 g zinc sulphate, 50 g copper sulphate and 50 g borax</td><td>In basin after harvest</td></tr>
<tr><td>0.2% zinc sulphate, 0.1% copper sulphate and 0.1% boric acid</td><td>Foliar spray at just before flowering and at marble stage of fruits</td></tr>
</table>

<u>ભલામણ:</u>

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદવાળી કૃષિ આબોહવાકીય પરિસ્થિતિમાં આંબા જાત કેસરની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે પુખ્ત વયના ઝાડને ભલામણ કરેલ રાસાયણિક ખાતરના જથ્થાની સાથે ૧૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ, ૫૦ ગ્રામ કોપર સલ્ફેટ અને ૫૦ ગ્રામ બોરેક્ષ ફળ ઉતાર્યા બાદ જમીનમાં જયારે ૦.૨% ઝીંક સલ્ફેટ, ૦.૧% કોપર સલ્ફેટ અને ૦.૧% બોરિક એસીડના બે છંટકાવ (પ્રથમ મોર નીકળવા પહેલા અને બીજો ફળ લખોટી જેવડા થાય ત્યારે) કરવાથી વધુ ઉત્પાદન અને નફો મેળવી શકાય છે.

<table>
<tr><td>૭૫૦: ૧૬૦: ૭૫૦ ના. ફો. પો. ગ્રામ/ઝાડ (પુખ્ત વયના ઝાડમાં)</td><td>ફળ ઉતાર્યા બાદ જમીનમાં</td></tr>
<tr><td>૧૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ, ૫૦ ગ્રામ કોપર સલ્ફેટ અને ૫૦ ગ્રામ બોરેક્ષ</td><td>ફળ ઉતાર્યા બાદ જમીનમાં</td></tr>
<tr><td>૦.૨% ઝીંક સલ્ફેટ, ૦.૧% કોપર સલ્ફેટ અને ૦.૧% બોરિક એસીડ</td><td>બે છંટકાવ (મોર નીકળવા પહેલા અને ફળ લખોટી જેવડા થાય ત્યારે)</td></tr>
</table>

</td><td>(AICRP-Fruits, BH:2014-5)</td></tr>
<tr><td>23.</td><td>

**Title:** Integrated management of post-harvest diseases (anthracnose, shoulder browning, stem end rot and Aspergillus rot) of mango fruits

**<u>Recommendation:</u>**

Spraying of difenoconazole 25 EC at 0.0125 @ 5 ml/10 litre of water at 30 days prior to harvest followed by hot water treatment after harvest at 52 ±1°C for 10 minutes for integrated management of post-harvest diseases of mango viz., anthracnose, stem end rot and Aspergillus rot.

</td><td>20th Combined AGRESCO of SAUs (2024) (B.H.2014-5)</td></tr>
<tr><td>24.</td><td>

**Title:** Efficacy of organic mulches on soil properties, growth and yield of mango cv. Kesar in rainfed ecosystem

**<u>Recommendation:</u>**

The mango growing farmers of South Gujarat are recommended to mulch the adult mango trees (10 years above) with 9% area coverage (3 m radius from trunk) of 20 kg sugarcane trash/tree in October month for obtaining higher yield with net return and improve soil health.

<u>ભલામણ:</u>

દક્ષિણ ગુજરાતમાં આંબાવાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઓક્ટોબર મહિનામાં પુખ્ત વયના (૧૦ વર્ષથી મોટા) આંબાના ઝાડને ૯% વિસ્તારમાં (થડથી ૩ મી ત્રિજ્યામાં) શેરડીની પતારીનું ૨૦ કિ.ગ્રા. પ્રતિ ઝાડ દીઠ આવરણ કરવાથી વધારે ઉત્પાદન સાથે ચોખ્ખી આવક મળે છે અને જમીનનું સ્વાસ્થ્ય સુધરે છે.

</td><td>20th Combined AGRESCO of SAUs (2024) (B.H. 7027)</td></tr>
<tr><td>25.</td><td>

**Title:** Effect of epicotyl thinning and spray of $GA_3$ on growth of polyembryonic mango

</td><td>2026</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | genotypes.<br><br>**Recommendation to nurserymen:**<br>For raising of 'Bappakai' and 'Local Polyembryonic' mango seedlings, nurserymen are recommended to do thinning of epicotyl to retain the most vigorous one at 60 days after sowing of stones in combination with spray of $GA_3$ 100 ppm at 60, 90 and 120 days after sowing to obtain the quality seedlings suitable for softwood grafting in six month.<br>**નર્સરીધારકો માટે ભલામણ:**<br>નર્સરીધારકોને ભલામણ કરવામાં આવે છે કે આંબાની 'બાપ્પાકાઈ' અને 'લોકલ પોલીએમ્બ્રીઓનીક' જાતના રોપા ઉછેર માટે ગોટલા રોપ્યા પછી ૬૦ દિવસે અંકુરિત થયેલા રોપમાંથી સૌથી જુસ્સાદાર એક રોપ રાખી બાકીના કાપી કાઢવા અને સાથે ૬૦, ૯૦ અને ૧૨૦ દિવસે જીબ્રેલીક એસીડ ૧૦૦ મિગ્રા/લીટર નો છંટકાવ કરવાથી છ મહિનામાં નુતન કલમ માટે સારા રોપા તૈયાર થાય છે. | |
| 26. | **Title:** Effect of soil and foliar application of multi-micronutrients on yield and quality of mango cv. Kesar.<br><br>**Recommendation:**<br>The mango growing farmers of South Gujarat are recommended to apply recommended dose of fertilizer with 100 g multi-micronutrients grade-V in soil per tree in month of June for more than 25 years old tree. Along with this also apply foliar application @ 1% multi-micronutrients grade-IV at flowering stage and 30 days thereafter for obtaining higher yield with net return.<br><br>ભલામણ:<br>દક્ષિણ ગુજરાતના આંબાવાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ૨૫ વર્ષથી મોટા ઝાડ માટે ભલામણ કરેલ ખાતર સાથે જુન મહિનામાં જમીનમાં ઝાડ દીઠ ૧૦૦ ગ્રામ મલ્ટી-માઈક્રોન્યુટ્રીઅન્ટ ગ્રેડ-૫ આપવું તથા મલ્ટી-માઈક્રોન્યુટ્રીઅન્ટ ગ્રેડ-૪નો ૧ ટકા (૧૦ મીલી પ્રતિ ૧ લીટર પાણી) પ્રમાણે ફુલ અવસ્થાએ અને ત્યારબાદ 30 દિવસે છંટકાવ કરવાથી કેરીનું વધારે ઉત્પાદન સાથે ચોખ્ખી આવક મેળવી શકાય છે. | 2026 (BH:7027) |
| | **Entomology** | |
| 27. | **Title:** Screening of mango germplasm for resistance/ relative Susceptibility against major pests.<br><br>**Recommendation:**<br>Alphonso variety of mango is observed highly susceptible to major pest viz. hoppers (2.643 nymph/twig), mealy bug (37.77 % infestation on shoot basis), thrips (21.40 % infestation on leaf basis) and stone weevil (32.91 % infestation on fruit basis).<br><br>ભલામણ:<br>**આંબાની મુખ્ય જીવાતો જેવી કે મધીયો (૨.૬૪૩ બચ્ચા/ડાળી), ચીકટો (૩૭.૭૭% ડાળી ઉપરનો ઉપદ્રવ), થ્રીપ્સ (૨૧.૪૦% પાન ઉપરનો ઉપદ્રવ) અને ગોટલાનું ચાંચવું (૩૨.૯૧% ફળ ઉપરનો ઉપદ્રવ) નો વધુમાં વધુ ઉપદ્રવ આફુસ જાત પર જોવા મળેલ છે.** | [B.H. 9091-2 (NARP)] 1994 |
| 28. | **Title:** Assessment of crop losses due to fruit fly *Dacus correctus* Bezzi in some commercial varieties of mango.<br><br>**Recommendation:**<br>The estimated loss per tree due to damage by fruit fly in mango varieties viz. Alphonso, Kesar, Rajapuri and Dashheri is Rs. 120.30,106.32, 34.86 and 27.13, respectively.<br><br>ભલામણ:<br>**આંબાની જાતો જેવી કે આફુસ, કેસર,રાજાપુરી અને દશેરીમાં ફળ માખીથી ઝાડ દીઠ અંદાજીત આર્થિક નુકશાન અનુક્રમે રૂા. ૧૨૦.૩૦,૧૦૬.૩૨,૩૪.૮૬ અને ૨૭.૧૩ જોવા મળેલ છે.** | [B.H. 9091-2 (NARP)] 1994 |
| 29. | **Title:** Chemical control of mango leaf thrips. | [B.H. 9091- |

| | | |
|---|---|---|
| | **Recommendation:**<br>Farmers of south Gujarat are advised to apply one of these insecticides viz; Cypermethrin 25EC 0.003 %, Deltamethrin 2.8 EC 0.00075 % Fenvalerate 20 EC 0.01 %, Endosulphan 35 EC 0.05 %, Monocrotophose 36 SL 0.05 % and Carbaryl 50 % WP 0.1 % as they are able to control leaf thrips successfully in mango var. Alphonso and gives higher CBR i. e. Cypermethrin (1:210.04), Deltamethrin (1:90.13), Fenvalerate (1:74.07), Endosulphan (1:67.11), Monocrotophos (1:63.26) and Carbaryl (1:40.21) starting from the period when new flush of leaves emerge out i.e. October end at monthly interval till march end strictly on need basis. Looking to the general experience of using insecticides, there should not be continuous use of one type of insecticide and use of synthetic pyrethroids should be restricted to maximum up to two sprays.<br><br>ભલામણ:<br>દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારમાં આંબા  આફુસ ની ખેતી કરતાં ખેડુતોને થ્રીપ્સના નિયંત્રણ માટે નીચે જણાવેલ દવામાંથી કોઈ પણ એક દવાનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. જેવી કે સાયપરમેથ્રીન (૦.૦૦૩%), ડેલ્ટામેથ્રીન (૦.૦૦૦૭૫%), ફેનવાલરેટ (૦.૦૧%), એન્ડોસલ્ફાન (૦.૦૫%), મોનોક્રોટોફોસ (૦.૦૫%) અને કાર્બારીલ (૦.૧%) ઉપરોકત દવાઓથી આવકનું પ્રમાણ વધુ રહે છે. આ દવાઓ નવી પીલવણી નીકળે ત્યારે એટલે કે  ઓકટોબરના અંતથી માર્ચ સુધી જરૂરિયાતને ધ્યાને લઈ એક મહિનાના અંતરે છંટકાવ કરવો. ઉપરમાંની કોઈપણ એક દવાનો વારંવાર ઉપયોગ ન કરવો તથા  સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનો વધુમાં વધુ બે વાર જ છંટકાવ કરવો. | 2 (NARP)]<br>1994 |
| 30. | **Title:** Study of bio-ecology and spatial distribution of mango hoppers *Amritodus atkinsoni* (Leth.).<br><br>**Recommendation:**<br>Incidence of hoppers in mango variety Alphonso was found high during flowering season of the crop and more particularly during flowering and fruit setting as considerably high temperature and relatively low humidity during The period favours the multiplication of the pest. The scientist may use this information whenever they prepare pest management Programme on mango Hoppers in south Gujarat.<br><br>ભલામણ:<br>આંબા જાત આફુસમાં મઘીયાનો ઉપદ્રવ સૌથી વધારે ફુલ અવસ્થાએ  ખાસ કરીને ફુલ અને કણી બંધાય કે જયારે વાતાવરણમાં ઉષ્ણતામાન વધુ હોય અને ભેજ ઓછો હોય ત્યારે જોવા મળે છે. આ વાતાવરણ આંબાના મઘીયાની વસ્તી વધારવા માં સહાયક હોય છે. આ માહિતીનો જીવાત નિયંત્રણ પ્રબંધન તૈયાર કરતી વખતે વૈજ્ઞાનિકોને મદદગાર બની રહે છે. | [B.H. 9091-2 (NARP)]<br>1995 |
| 31. | **Title:** Study the effect of synthetic pyrethroids and other insecticides on resurgence of sucking pest in mango.<br><br>**Recommendation:**<br>Mango orchardist in Gujarat are advised to avoid continuous use of synthetic pyrethroids viz. Cypermethrin, Deltamethrin, Fenvelarate and Alphamethrin to control sucking pest viz. hoppers and thrips in mango cv. Alphonso as their continuous use results in very high degree of resurgence of the pest, lower fruit setting & production and very high degree of fruit dropping. However farmers go for 1-2 sprays of monocrotophos 0.05% in need basis.<br><br>ભલામણ:<br>દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આંબા આફુસની ખેતી કરતા ખેડુતોને મઘીયો તેમજ થ્રીપ્સના નિયંત્રણ માટે સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાઓ જેવી કે સાયપરમેથ્રીન,ડેલ્ટામેથ્રીન, ફેનવાલરેટ અને આલ્ફામેથ્રીનનો એકધારો ઉપયોગ ન કરવાની ભલામણ કરવામા આવે છે.આ દવાના એકધારા ઉપયોગથી ચુસીયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ એકદમ વધી જાય છે. તેમજ ફળનું બેસાણ તથા ઉત્પાદન ઘટે છે આમ છતાં ખેડુતોને જરૂરિયાતને ધ્યાને લઈ મોનાક્રોટોફોસ(૦.૦૫%) દવાના એક બે છંટકાવ કરવા. | [B. H. 9091-2 (NARP)]<br>1998 |
| 32. | **Title:** Pest management of hoppers and other pests.<br><br>**Recommendation:**<br>Mango growers of south Gujarat are advised to apply Monocrotophos0.05% (ICBR 1: | [B.H. 2014-5 (AICRP)]<br>2000 |

| | | |
|---|---|---|
| | 27.30) or Imidachlorprid 0.005% (ICBR 1: 22.22) to control hoppers and thrips, at bud burst stage followed by two sprays (on need basis) at panicle emergence (before the opening of flowers when panicle are about 7 cm. long) and fruit set (pea stage) stage. These insecticides also generate high total income, net gain and economic realization over control besides appreciable high yield.<br><br><u>ભલામણ:</u><br>**દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આંબાની ખેતી કરતા ખેડુતોને આંબામાં આવતી જીવાત મધીયો તેમજ અન્ય જીવાતનાં નિયંત્રણ માટે મોનાક્રોટોફોસ (૦.૦૫%) અથવા ઈમીડાકલોપ્રીડ (૦.૦૦૫%) દવાનો છંટકાવ મોર નીકળવાના સમયે અને ત્યાર બાદ ફુલ ખીલવા પહેલાં અને ફળ બેસવાના વખતે એમ બે વાર જરૂરિયાતને ધ્યાન લઈ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ દવાઓથી વધુ  ફળ તથા ચોખ્ખી આવક મળે છે.** | |
| 33. | **Title:** Efficacy of newer insecticides against major insect-pests of mango.<br><br>**<u>Recommendation:</u>**<br>To control important insect-pests of mango viz; hopper, thrips, leaf gall midge and blossom midge, the mango growers of South Gujarat are advised to apply thiamethoxam 25 WG (0.0084% i.e. 0.34g/litre) (CBR 1 : 36.63) or Imidacloprid 200 SL (0.005% i.e. 0.28 ml/litre) (CBR 1 : 30.96) commencing from bud burst stage followed by subsequent sprays on need basis.<br><br><u>ભલામણ:</u><br>દક્ષિણ ગુજરાતમાં આંબા ઉગાડનારા ખેડૂતો સલાહ આપવામાં આવે છે કે, આંબાની મહત્વની જીવાતો જેવી કે મધીયો, થ્રીપ્સ, આંબાની ગાંઠીયા માખી અને આંબાની ફુલ ભમરીના નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ ૩૬% (૦૦.૫ % અથવા ૧.૨૫ મિલિ/લિટર) (ખર્ચ આવકનો ગુણોત્તર ૧:૪૧.૬૮) અથવા થાયોમેથોકઝામ ૨૫% (૦.૦૦૮૪% અથવા ૦.૩૪ ગ્રામ/લિટર) (ખર્ચ આવકનો ગુણોત્તર ૧:૩૬.૬૩) અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮% (૦.૦૦૫ % અથવા ૦.૨૮ મિલિ/લિટર) (ખર્ચ આવકનો ગુણોત્તર ૧:૩૦.૯૬) ના છંટકાવો મોર નીકળવાના સમયે અને ત્યારબાદના છંટકાવો જરૂર મુજબ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જંતુનાશક દવાઓના ઉપયોગથી વધુ ફળ બેસાણ તેમજ ઉત્પાદન અને કુદરતી શત્રુઓના રક્ષણ સાથે જોવા મળે છે. | [B.H. 100-91-2 (NARP)]<br>2005 |
| 34. | **Title:** To study the effect of high density plantation thorough hedge row system on mango diseases var. Kesar<br><br>**<u>Recommendation:</u>**<br>High density plantation (10 x 2.5m or 10 x 5m) in mango cv. Kesar invites higher incidence of black banded, twig blight, anthracnose, powdery mildew as well as other minor diseases as compared to normal planting (10 x 10m) which ultimately results in comparatively lower yield.<br><br><u>ભલામણ:</u><br>આંબાની કેસર જાતમાં ઘનિષ્ઠ વાવેતર કરવાથી (૧૦×૨.૫ મી. અથવા ૧૦×૫ મી.) આંબાના વિવિધ રોગો જેવા કે કાળી ડાળીનો રોગ, ડાળીનો સુકારો, કાલવ્રણ અને ભુકીછારો તથા આંબાના ગૌણ રોગોનું પ્રમાણ સામાન્ય વાવેતર (૧૦× ૧૦ મી) કરતા વધુ જોવા મળે છે જેથી કેરીનું ઉત્પાદન ઓછું થાય છે. | 2006 |
| 35. | **Title:** Impact of major abiotic factors on abundance of sucking pests in mango and development of prediction model<br><br>**<u>Recommendation:</u>**<br>Farmers of south Gujarat are advised to monitor hopper and thrips on mango during flowering and fruit setting period in general and pea cum marble sized fruit stage of the crop in particular and if population of these pests becomes high (Economic threshold level of 5 hoppers/ panicle and 10 per cent thrips damage) due to prevalence of high humidity, they  are advised to adopt recommended measures (adoption of need based plant protection schedule, application of imidacloprid @ 0.005% or 2.8 ml or thiamethoxam @ 0.0008% or 3.2 gm /10 liters of water) to avoid crop loss due to these | 2008 |

| | | |
|---|---|---|
| | pests.<br><br>__ભલામણ:__<br>દક્ષિણ ગુજરાતના આંબાવાડી ધરાવતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ડેધા અને થ્રીપ્સ જેવી જીવાતો સામાન્ય રીતે ફુલ અવસ્થાએ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે હોય ત્યારે વધુ જોવા મળતી હોય તેની ક્ષમ્યમાત્રા (ડેધા માટે ૫ બચ્ચા અથવા પુખ્ત/ડુંખ અથવા મોર અને થ્રીપ્સ માટે સરેરાશ ૧૦ ટકા નુકશાન) વટાવે ત્યારે જરૂરિયાત મુજબ સુચિ પત્રકમાં ભલામણ કરેલ દવાઓ (જેવી કે ઈમીડાકલોપ્રીડ ૦.૦૦૫ ટકા - ૨.૫ મિલિ અથવા થાયોમેથોકઝામ ૦.૦૦૮ ટકા ૩.૨ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણી) નો વારાફરતી નુકશાન અટકાવવા છંટકાવ કરવો. | |
